


IPL 2026 એલિમીનેટર મેચ | RR Vs SRH | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: ન્યુ ચંદીગઢ

## સિંગાપોર ઓપન: સિંધુ અને સાત્વિક-ચિરાગ બીજા રાઉન્ડમાં

સિંગાપોર, તા. 26 (પીટીઆઈ): સિંગાપોરમાં શરૂ થયેલી 10,00,000 ડોલરની સિંગાપોર ઓપન સુપર 750 બેડમિન્ટન ટૂર્નામેન્ટના બે વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ પી.વી. સિંધુએ મહિલા સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં પાંચમી ક્રમાંકિત ઇન્ડોનેશિયાની પુત્રી કુસુમા વર્દાનીને સીધા સેટમાં 21-17, 21-18થી હરાવી બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. બીજી તરફ, પુરુષ ડબલ્સમાં એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલિસ્ટ સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની વર્લ્ડ નંબર 4 જોડીએ મલેશિયાની જોડી ચેન ઝી યી અને પ્રેજલી સ્મિથ સામે 26-28, 21-15, 21-13થી રોમાંચક ત્રણ સેટના સંઘર્ષ બાદ જીત મેળવી પ્રગતિ કરી હતી. જોકે, ભારતીય યુવા શટલર આયુષ શેટ્ટી હારીને બહાર થયો.

# ગુજરાત ટાઈટન્સને હરાવી RCB સતત બીજી ફાઈનલમાં

**RCBએ** આપેલા 255 રનના લક્ષ્યાંક સામે ગુજરાતની ટીમ 162 રનમાં ઓલઆઉટ થઈ

**રજત** પાટીદારે 33 બોલમાં 93 રન ફટકાર્યા કોહલીએ 43 રન બનાવી સીઝનમાં 600 રન પૂરા કર્યા

ધર્મશાલા, તા. 26 (પીટીઆઈ): ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ કેપ્ટન રજત પાટીદારની માત્ર 33 બોલમાં 93 રનની અણનમ ઈનિંગની મદદથી ગુજરાત ટાઈટન્સ (GT)ને 92 રનથી હરાવીને સતત બીજી વખત ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

પ્રથમ બેટિંગ કરતા RCBએ ગુજરાતની નબળી ટીમ પસંદગીનો ફાયદો ઉઠાવીને 20 ઓવરમાં 5 વિકેટે 254 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. પાટીદારે પોતાની ઈનિંગમાં 9 છગ્ગા અને 5 ચોગ્ગા ફટકાર્યા હતા. તેણે અર્શદ ખાનના સ્થાને ટીમમાં આવેલા કુલવંત ખેજરોલિયાની એક જ ઓવરમાં 28 રન ઝૂડી કાઢ્યા હતા. આ સિવાય અનુભવી વિરાટ કોહલી અને કૃણાલ પંડ્યાએ 43-43 રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે જેસન હોલ્ડરે 39 રન આપીને 2 વિકેટ લીધી હતી.

જવાબમાં લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ગુજરાતની ટીમ 19.3 ઓવરમાં 162 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પાવરપ્લેમાં જ ટીમે સાઈ સુદર્શન, શુભમન ગિલ અને જોસ બટલર સહિત 5 વિકેટ ગુમાવી દીધી હતી. ગુજરાત તરફથી રાહુલ તેવતિયાએ 43 બોલમાં 68 રન બનાવ્યા હતા. RCB તરફથી જેકબ ડફીએ 39 રનમાં 3 અને ભુવનેશ્વર કુમારે 28 રનમાં 2 વિકેટ ઝડપી હતી.





| રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| વેંકટેશ કો ગિલ બો રબાડા | 19 | 7 | 3 | 1 |
| કોહલી બો હોલ્ડર | 43 | 25 | 5 | 1 |
| પડિક્કલ કો બટલર બો હોલ્ડર | 30 | 19 | 5 | 0 |
| પાટીદાર નોટ આઉટ | 93 | 33 | 5 | 9 |
| કૃણાલ કો સુદર્શન બો રબાડા | 43 | 28 | 5 | 2 |
| ડેવિડ બો પ્રસિદ્ધ | 4 | 5 | 0 | 0 |
| જિતેશ નોટ આઉટ | 15 | 5 | 1 | 1 |
| વધારાના | 7 | | | |
| કુલ 20 ઓવરમાં 5 વિકેટે | 254 રન | | | |

**વિકેટ પતન:** 1-21, 2-93, 3-94, 4-189, 5-214

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મોહમ્મદ સિરાજ | 3 | 0 | 46 | 0 |
| કાગીસો રબાડા | 4 | 0 | 54 | 2 |
| જેસન હોલ્ડર | 4 | 0 | 39 | 2 |
| રાશિદ ખાન | 3 | 0 | 29 | 0 |
| પ્રસિદ્ધ કૃષ્ણ | 4 | 0 | 53 | 1 |
| કુલવંત ખેજરોલિયા | 2 | 0 | 31 | 0 |

| ગુજરાત ટાઈટન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સુદર્શન હિટ વિકેટ બો ડફી | 14 | 9 | 3 | 0 |
| ગિલ બો ભુવનેશ્વર | 2 | 7 | 0 | 0 |
| બટલર બો હેઝલવુડ | 29 | 11 | 4 | 2 |
| નિશાંત કો એ બો રસિખ સલામ | 5 | 3 | 1 | 0 |
| વોશિંગ્ટન કો હેઝલવુડ બો ડફી | 8 | 8 | 1 | 0 |
| હોલ્ડર કો હેઝલવુડ બો રસિખ | 0 | 3 | 0 | 0 |
| તેવટિયા કો પાટીદાર બો ભુવનેશ્વર | 68 | 43 | 8 | 4 |
| રાશિદ કો શર્મા બો ડફી | 8 | 9 | 0 | 1 |
| રબાડા કો કોહલી બો કૃણાલ | 9 | 5 | 2 | 0 |
| સિરાજ કો ડેવિડ બો કૃણાલ | 5 | 13 | 1 | 0 |
| પ્રસિદ્ધ નોટ આઉટ | 6 | 7 | 1 | 0 |
| વધારાના | 8 | | | |
| કુલ 19.3 ઓવરમાં 10 વિકેટે | 162 રન | | | |

**વિકેટ પતન:** 1-17, 2-27, 3-51, 4-51, 5-51, 6-65, 7-78, 8-88, 9-156, 10-162

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જેકબ ડફી | 4 | 0 | 39 | 3 |
| ભુવનેશ્વર કુમાર | 4 | 0 | 28 | 2 |
| જોશ હેઝલવુડ | 4 | 0 | 39 | 1 |
| રસિખ સલામ | 3 | 1 | 24 | 2 |
| કૃણાલ પંડ્યા | 3.3 | 0 | 16 | 2 |
| રોમારિયો શેફર્ડ | 1 | 0 | 15 | 0 |

## RCBએ પ્લેઓફમાં સૌથી વધુ રનનો રેકોર્ડ બનાવ્યો

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ આઈપીએલ 2026ના ક્વોલિફાયર-1 મુકાબલામાં ગુજરાત ટાઇટન્સ સામે 254 રનનો ઐતિહાસિક સ્કોર બનાવીને નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. આ પહેલાં આઈપીએલ પ્લેઓફમાં સોથી વધુ સ્કોરનો રેકોર્ડ ગુજરાતના નામે હતો.

### આઈપીએલ પ્લેઓફમાં સૌથી મોટો સ્કોર

| ટીમ | હરીફ | મેચ | સ્કોર | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|---|
| RCB | GT | ક્વોલિફાયર-1 | 254/5 | ધર્મશાલા | 2026 |
| GT | MI | ક્વોલિફાયર-2 | 233/3 | અમદાવાદ | 2023 |
| MI | GT | એલિમિનેટર | 228/5 | ન્યુ ચંદીગઢ | 2025 |

### ટી-20 ક્રિકેટ નોકઆઉટ કે પ્લેઓફ મેચોના ઓવરઓલ સૌથી મોટા સ્કોરનો રેકોર્ડ

| ટીમ | હરીફ | ટૂર્નામેન્ટ | સ્કોર | વર્ષ |
|---|---|---|---|---|
| સમરસેટ | ડર્બિશાયર | ટી20 બ્લાસ્ટ | 265/5 | 2012 |
| ઝારખંડ | હરિયાણા | સૈયદ મુશ્તાક અલી ટ્રોફી | 262/3 | 2025 |
| ભારત | ન્યુઝીલેન્ડ | T20 વિશ્વકપ ફાઇનલ | 255/5 | 2026 |
| RCB | GT | IPL ક્વોલિફાયર-1 | 254/5 | 2026 |
| ભારત | ઈંગ્લેન્ડ | T20 વિશ્વકપ સેમિફાઇનલ | 253/7 | 2026 |

## વિરાટ કોહલીનો સતત ચાર સિઝન 600થી વધુ રન બનાવવાનો રેકોર્ડ

વિરાટ કોહલીએ ગુજરાત ટાઇટન્સ સામે 25 બોલમાં 43 રનની ઇનિંગ રમીને આઈપીએલ ઇતિહાસમાં એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તે આઈપીએલના ઇતિહાસમાં સતત ચાર સીઝનમાં 600 કે તેથી વધુ રન બનાવનારો પ્રથમ ખેલાડી બની ગયો છે. આ મહાન રેકોર્ડ અને સતત સીઝનમાં 600થી વધુ રન બનાવનારા અન્ય ખેલાડીઓની યાદી નીચે મુજબ છે.

| ખેલાડી | ટીમ | મેચ | રન | સીઝન |
|---|---|---|---|---|
| વિરાટ કોહલી | આરસીબી | 14 | 639 | 2023 |
| વિરાટ કોહલી | આરસીબી | 15 | 741 | 2024 |
| વિરાટ કોહલી | આરસીબી | 15 | 657 | 2025 |
| વિરાટ કોહલી | આરસીબી | 15 | 600 | 2026 |

# આજે એલિમિનેટરમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન વચ્ચે જામશે રસાકસી

**મુલ્લાંપુરની** બેટિંગ ફ્રેન્ડલી પિચ પર વરસી શકે છે રનોનો વરસાદ, બંને ટીમો પાસે છે વિસ્ફોટક બેટ્સમેન

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી



મુલ્લાંપુર, તા. 26 (પીટીઆઈ): મુલ્લાંપુરમાં બુધવારે રમાનારા આઈપીએલ (IPL)ના રોમાંચક એલિમિનેટર મુકાબલામાં 15 વર્ષના યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીની નીડરતા અને પુનરાગમન કરનાર રાજસ્થાન રોયલ્સનો સામનો સનરાઈઝર્સ હૈદરાબાદના વિસ્ફોટક ટોપ-ઓર્ડર સામે થશે. હૈદરાબાદે ટૂર્નામેન્ટના બીજા ભાગમાં નિયમિત કેપ્ટન પેટ કમિન્સના આગમન સાથે જોરદાર લય મેળવી છે અને છેલ્લી 7 લીગ મેચોમાંથી 5માં જીત મેળવી છે. આ સીઝનમાં હૈદરાબાદે રાજસ્થાનને બે વાર હરાવ્યું હોવાથી તેમની પાસે મનોવૈજ્ઞાનિક ફાયદો રહેશે.

બીજી બાજુ, રિયાન પરાગની આગેવાની હેઠળની રાજસ્થાન રોયલ્સની ટીમ હૈદરાબાદને હરાવીને ટૂર્નામેન્ટમાં આગળ વધવા માટે આતુર છે. રાજસ્થાનના ટોપ-ઓર્ડરમાં વૈભવ સૂર્યવંશી (583 રન), યશસ્વી જયસ્વાલ (397 રન) અને ધ્રુવ જુરેલે (458 રન) ટીમ માટે સૌથી વધુ રન બનાવ્યા છે. જ્યારે હૈદરાબાદ પાસે અભિષેક શર્મા (563 રન), ટ્રેવિસ હેડ (393 રન), ઈશાન કિશન (569 રન) અને ચોથા ક્રમે શાનદાર ફોર્મમાં ચાલી રહેલો હેનરિક ક્લાસેન (606 રન) છે.

રાજસ્થાનના હેડ કોચ કુમાર સંગાકારાએ સ્વીકાર્યું છે કે હૈદરાબાદ એક આક્રમક ટીમ છે અને તેમને 120 કે 130 રન પર રોકવા મુશ્કેલ છે, તેથી બોલરોએ લાઈન અને લેન્થમાં શિસ્તબદ્ધતા રાખવી પડશે. સંગાકારાને પાવરપ્લેમાં અગ્રણી વિકેટ લેનાર જોફ્રા આર્ચર (21 વિકેટ) પાસેથી મોટી આશા રહેશે. સ્પિન વિભાગમાં રાજસ્થાન પાસે નવો લેગ-સ્પિનર યશરાજ પુંજા છે, જ્યારે રવીન્દ્ર જાડેજાએ હજુ બેટ અને બોલ બંનેથી વધુ સારું પ્રદર્શન કરવાની જરૂર છે. હૈદરાબાદ તરફથી પણ યુવા કાંડાના સ્પિનર શિવાંગ કુમારે મિડલ ઓવર્સમાં પ્રભાવ પાડ્યો છે. મુલ્લાંપુરનું આ મેદાન બેટિંગ માટે ઉત્તમ માનવામાં આવે છે, જ્યાં આ સીઝનમાં 220+ના સ્કોર બન્યા છે.

# યોગાસનને ઓલિમ્પિક્સમાં સ્થાન અપાવવા પ્રયાસ કરાઈ રહ્યા છે: માંડવિયા

**રમતગમત** મંત્રીએ પ્રથમ ‘વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપ 2026’નું અનાવરણ કર્યું જે 4થી 8 જૂન દરમિયાન અમદાવાદમાં યોજાશે

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ): ભારત સરકાર અને નેશનલ ફેડરેશનના સંયુક્ત પ્રયાસોથી યોગાસનને વૈશ્વિક રમત તરીકે ઓળખ અપાવવા માટે એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં પ્રથમ ‘વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપ 2026’નું સત્તાવાર અનાવરણ કર્યું છે, જેનું આયોજન 4 થી 8 જૂન દરમિયાન ગુજરાતના અમદાવાદમાં વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે થશે.

આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં નેપાળ, શ્રીલંકા, જાપાન, અને નેધરલેન્ડ્સ સહિત 60થી વધુ દેશોના 529 એથ્લેટ્સ ભાગ લેશે, જેમાં 114 ભારતીય ખેલાડીઓ સામેલ છે. ટૂર્નામેન્ટમાં 10થી 55 વર્ષની વયજૂથ માટે આર્ટિસ્ટિક અને રિધમિક સહિત 12 ઈવેન્ટ્સ યોજાશે, મંત્રી માંડવિયાએ જણાવ્યું કે, ભારતની વર્ષ 2036ના ઓલિમ્પિક ગેમ્સની યજમાનીની દાવેદારીને ધ્યાનમાં રાખીને યોગાસનને ઓલિમ્પિક ચાર્ટરમાં સામેલ કરવાના સઘન પ્રયાસો ચાલુ છે. આ ઉપરાંત, વર્ષ 2030માં અમદાવાદ ખાતે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સમાં પણ યોગાસનને પરંપરાગત રમત તરીકે સામેલ કરવામાં આવશે.

## ઈજાના કારણે મિચેલ માર્શ પાકિસ્તાન સામેની સિરીઝમાંથી બહાર થયો

ઈસ્લામાબાદ, તા. 26 (એપી): મિચેલ માર્શ ઘૂંટીની ઈજાને કારણે પાકિસ્તાન સામેની 3 મેચની વન-ડે સિરીઝમાંથી બહાર થઈ ગયો છે, જેથી જોશ ઈંગ્લિસ ઓસ્ટ્રેલિયન ટીમની કેપ્ટનશીપ સંભાળશે. IPLમાં લખનૌ સુપર જાયન્ટ્સ તરફથી રમતી વખતે માર્શને ઇજા થઈ હતી, જેથી તે આગળની સારવાર માટે પર્થ પરત ફર્યો હતો. IPL પ્લેઓફમાં વ્યસ્ત હોવાને કારણે નિયમિત કેપ્ટન પેટ કમિન્સ અને વાઇસ-કેપ્ટન ટ્રેવિસ હેડ શનિવારથી રાવલપિંડીમાં શરૂ થઈ રહેલી આ સિરીઝમાં ઉપલબ્ધ નથી. વિકેટકીપર-બેટ્સમેન ઈંગ્લિસ આ પહેલાં નવેમ્બર 2024માં પણ પાકિસ્તાન સામે ઓસ્ટ્રેલિયાની કેપ્ટનશીપ કરી ચૂક્યો છે. પાકિસ્તાન પ્રવાસ બાદ ઓસ્ટ્રેલિયાની ટીમ બાંગ્લાદેશના પ્રવાસે જશે. જોકે, ફાસ્ટ બોલર્સ પેટ કમિન્સ, જોશ હેઝલવુડ અને મિચેલ સ્ટાર્ક આ બંને પ્રવાસમાં રમી શકશે નહીં. સિરીઝની બાકીની 2 મેચો 2 અને 4 જૂનના રોજ લાહોરમાં રમાશે.

# ફ્રેન્ચ ઓપન: સબાલેન્કા અને ગફનો વિજય, મેદવેદેવ હાર્યો, સિત્સિપાસ બીજા રાઉન્ડમાં

**સબાલેન્કા** ડાયમંડ નેકલેસ પહેરીને મેચ રમવા આવી

**17 વર્ષીય** મોઈસે કુઆમે ગ્રાન્ડ સ્લેમ મેચ જીતી ઈતિહાસ રચ્યો



પેરિસ, તા. 26 (એપી): પેરિસના પ્રચંડ હીટવેવ વચ્ચે ફ્રેન્ચ ઓપનના ત્રીજા દિવસે પણ રોમાંચક મુકાબલા અને મોટા ઉલટફેર જોવા મળ્યા છે. સતત ત્રીજા દિવસે તાપમાન 32 સેલ્સિયસને પાર પહોંચતા કોર્ટ ઝડપથી સુકાઈ રહી છે અને રમત ઝડપી બની છે. આ પરિસ્થિતિનો પૂરો ફાયદો ઉઠાવતા ટોપ-રેન્કડ આર્યનાએ શાનદાર આક્રમક રમત રમીને જેસિકા બુઝાસ માનેરોને 6-4, 6-2થી હરાવી દીધી હતી.

મેચ દરમિયાન ગળામાં હીરાના નેકલેસ પહેરીને ઉતરેલી આર્યનાએ નેટ-રશિંગ અને વોલી શોટ્સનો અદભુત ઉપયોગ કર્યો હતો. તેણે જણાવ્યું કે ગ્રાન્ડ સ્લેમમાં ફેશન સાથે મેદાન પર સારા દેખાવવાથી તેનો આત્મવિશ્વાસ અને પ્રદર્શન વધુ મજબૂત બને છે.

ડિફેન્ડિંગ ચેમ્પિયન અમેરિકન ખેલાડી કોકો ગફે પેરિસની કાળઝાળ ગરમી વચ્ચે પોતાના જ દેશની ટેલર ટાઉનસેન્ડને 6-4, 6-0થી હરાવીને ટાઈટલ બચાવવાના અભિયાનની શાનદાર શરૂઆત કરી હતી. મેચ દરમિયાન ગફે કોર્ટસાઈડ પર હાજર ચાહકોને પણ ગરમીથી રાહત મળે તે માટેની સુવિધાનું પણ ખાસ ધ્યાન રાખ્યું હતું.

બીજી બાજુ, પુરુષોના ડ્રોમાં આ સીઝનનો સૌથી મોટો અપસેટ જોવા મળ્યો હતો. દિગ્ગજ દાનિલ મેદવેદેવ આ ગરમીમાં ભારે સંઘર્ષ કરતો જોવા મળ્યો અને 97મો રેન્ક ધરાવતા ઓસ્ટ્રેલિયાના વાઈલ્ડ કાર્ડ પ્લેયર આદમ વોલ્ટન સામે 6-2, 1-6, 6-1, 1-6, 6-4થી પાંચ સેટના રોમાંચક મુકાબલામાં હારીને બહાર થઈ ગયો હતો. અન્ય મેચમાં, ફ્રાન્સના મોઈસે કુઆમે નામના 17 વર્ષના યુવા ખેલાડીએ ઈતિહાસ રચ્યો છે. તેણે 2014ના યુએસ ઓપન ચેમ્પિયન મરિન સિલિકને 7-6 (4), 6-2, 6-1થી હરાવ્યો હતો. આ સાથે જ કુઆમે વર્ષ 2008 કે તેના પછી જન્મેલો અને ગ્રાન્ડ સ્લેમ મેચ જીતનારો દુનિયાનો પ્રથમ પુરુષ ખેલાડી બની ગયો છે. આ ઉપરાંત, સ્ટેફાનોસ સિત્સિપાસ સામેની મેચ દરમિયાન ફ્રેન્ચ ખેલાડી એલેક્ઝાન્ડ્રે મુલર ઈજાગ્રસ્ત થતાં ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો.

## સુડોકુ ૬૫૩૩ - ‘ક્રુતિ’

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૬ | ૮ | | ૨ | ૧ | | ૭ |
| | | | | | | ૪ | ૨ | ૮ |
| | ૮ | ૨ | ૫ | | | ૩ | ૯ | |
| ૫ | | | ૬ | ૮ | ૭ | ૨ | | |
| ૬ | | ૭ | | | | ૮ | ૩ | ૯ |
| ૧ | | | ૨ | | | | ૭ | |
| | ૭ | ૪ | | ૨ | | ૫ | | |
| ૩ | ૫ | | | ૬ | | | | |
| ૨ | ૬ | ૧ | | ૫ | ૮ | | ૪ | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**બલ્ય ઔષધ**

ગાજરના બીજ ત્રણ ગ્રામ રોજ સવારે , મળસ્કે મધ સાથે ખાવા.

## શબ્દગુંફન - ૭૨૨૯

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. જોડકું (૩)
૩. દેવું, ઋણ (૩)
૫. અક્કલ (૨)
૬. અનાથ બાળક (૩)
૭. ભૂલ ભરેલું (૩)
૯ નમસ્કાર (૩)
૧૧. ગુસ્સો (૨)
૧૩. મૂલ્ય, ભાવ (૨)
૧૪. લોકમત (૪)
૧૬. હંમેશ, કાયમ (૪)
૧૮. વીતી ચૂકેલું (૨)
૧૯. પતિ (૨)
૨૦. ખલાસ (૩)
૨૨. સહાયક (૫)
૨૫. નિર્ણય(૨)
૨૬. નાણું (૨)
૨૭. નમેલું (૨)
૨૮. શાહીનો ખડિયો (૩)
૨૯. ઊંચા કુળનું (૩)
૩૦. કાંઠો (૨)
૩૧. પખવાડિયાની સાતમી તિથિ (૩)

**ઊભી ચાવી**

૧. તલવારનું ઘર
૨. આંખ (૩)
૩. ઓછી શક્તિવાળું, દુર્બળ (૪)
૪. દુનિયા (૨)
૫. અભિપ્રાય (૨)
૮. લગ્ન, લગની (૩)
૧૦. આધાર, ભરોસો (૩)
૧૨. પ્રકાર (૨)
૧૩. શ્વાસ (૨)
૧૪. ...લખવાનું કે (૨)
૧૫. હઠ, દુરાગ્રહ (૩)
૧૬. પચેલું (૩)
૧૭. દુ:ખ, પીડા (૩)
૧૮. ઝાડના થડનો ગર્ભ (૨)
૧૯. તાબે ,આધીન (૨)
૨૦. ઠગારું (૨)
૨૧. પવન (૩)
૨૩. ચોકીદાર, (૪)
૨૪. પાણી (૨)
૨૫. શબ્દ (૩)
૨૬. સહેજ (૨)
૨૭. નમેલું (૩)
૨૯. બાણ (૨)

## આજનું પંચાંગ

**તા.27/05/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ
**તિથિ:** સુદ: અગિયારસ : 06:23 પછી બારસ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 06
**યોગ :** વ્યતિપાત **કરણ:** બવ
**નક્ષત્ર :** ચિત્રા: વૃદ્ધિ છે
**રાશિ:** કન્યા (પ.ઠ.ણ.) 19:01 પછી તુલા (ર.ત.)
**દિવસ :** અશુભ : કમલા એકાદશી : સાકર
**સુરતમાં સૂર્યોદય :** 05:59
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:13
**નવકારસી :** 06:47
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 16મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્હેજ માસનો 09મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે : 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** જીવનસાથીના આરોગ્યની ચિંતા અને ખર્ચા સતાવે. ચોર -લૂટારું - નોકર-ચાકરથી સાવધાન, શત્રુઓથી સાવધાન.

**વૃષભ (બ,વ,ઉ,):** આવક વધે. નોકરીમાં પ્રભાવ વધે. શેર બજારમાં ધીરજ રાખવી પ્રેમમાં ગેરસમજ પેદા થાય. મન અશાંત રહે.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરી-ધંધામાં અનુકૂળતા વધે. આર્થિક લાભ થાય. ઘરમાં નવા ફેરફાર થાય. બહારના કામમાં મદદ મળે.

**કર્ક (ડ,હ,):** નવાં કામમાં મિત્રોની મદદ મળે. આવક વધારવાની યોજના બને. રોજના કામમાં દોડ-ધામ વધશે.

**સિંહ (મ,ટ,):** ઘરમાં ઉંમરલાયકના વિવાહના પ્રસંગનો આનંદ રહે. ખાણી-પીણીના ધંધામાં આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. નોકરીમાં પ્રભાવ વધે. નવી ટેક્નોલોજીનું જ્ઞાન મળે.

**તુલા (ર,ત,):** બહારનાં કામનો બોજ અને પરિવારની સમસ્યા સતાવે. સમાજમાં અશાંતિ વધે. ખર્ચા વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** હરીફાઈ યુક્ત પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. શેર બજારમાં તક મળે. પ્રેમમાં સાથ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કોઇની વાતોમાં નિર્ણય બદલવા નહીં આવક વધે. સમાજમાં યશ મળે. દોડધામ વધશે.

**મકર (ખ,જ,):** વિદેશથી શુભ સમાચાર મળે. વડીલોની મદદ સામાજિક કામમાં મળે. નવી નોકરીની તક ઊભી થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પડવા-વાગવાથી સાવધાન રહેવું. કોઈ છેતરી જઇ શકે છે. સરકારી કામમાં સાવધાન.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉંમરલાયકના વિવાહ થાય. રોજની આવક વધે. નોકરીમાં પ્રમોશન મળી શકે છે.

### કોઈ પણ સાલમાં 27 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી અનુકૂળતા વધશે. આરોગ્ય બાબતે અનુકૂળતા રહે.ઉઘરાણીની ચિંતા હળવી થાય.આર્થિક બાબતે સામાન્ય રહે. નોકરી-ધંધા-વ્યવસાયમાં ટેક્નોલોજીનો લાભ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતનો સમય અનુકૂળ રહે. સમાજમાં માન વધે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ કચેરીમાં સામાન્ય રહે. વિદેશનાં કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને મદદ મળે. વધારાની આવકની યોજનામાં મિત્રોનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન કાયદા કાનૂન સામાજિક બાબતે વડીલોનો સાથ મળે. યાત્રા પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ-એપ્રિલ - ઓક્ટોબર, નવેમ્બર, મંગળ-ગુરુવાર, 9, 18, 27 તારીખ નવા કામ કરવા ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ - શનિવાર, 8, 17, 26 તારીખે નવાં કામ ટાળવાં. લાલ રંગનો ઉપયોગ કરતા રહેવું સફેદ ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારના ઉપાય કરતાં રહેવું.

# નોર્વે ચેસ: ગુકેશ અને પ્રજ્ઞાનંદાની વિજયી શરૂઆત, કાર્લસન થયો અપસેટનો શિકાર

**અલીરેઝાએ** વર્લ્ડ નંબર 1 કાર્લસનને હરાવ્યો

**વર્લ્ડ** ચેમ્પિયન ગુકેશને કીમરે સખત લડત આપી

**દિવ્યા** દેશમુખનો વિજય કોનેરુ હમ્પી બિબિસારા સામે હારી



ઓસ્લો, તા. 26 (પીટીઆઈ): ઓસ્લોના ઐતિહાસિક દેઈચમેન બ્યોરવિકા પબ્લિક લાઈબ્રેરી ખાતે નોર્વે ચેસ 20 સ્પાર્કનો પ્રારંભ થયો છે, જેમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે.

ઓપન સેક્શનમાં, વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશે વિન્સન્ટ કીમરને ક્લાસિકલ મેચમાં હરાવી 1.5 પોઈન્ટ મેળવ્યા હતા, 5 કલાક ચાલેલી 144 મૂવ્સની આ લાંબી લડત બાદ મેચ ડ્રો થઈ હતી અને આર્મેગેડન ટાઈ-બ્રેકરમાં ગુકેશે વિજય મેળવ્યો હતો. આમ કીમરે પોતાની પ્રતિભાથી બધાને પ્રભાવિત કર્યા હતા. બીજી બાજુ આર. પ્રજ્ઞાનંદાએ પણ વેસ્લી સો સામે ક્લાસિકલ મેચ ડ્રો કર્યા બાદ આર્મેગેડનમાં આક્રમક રમત રમીને જીત મેળવી હતી.

આ રાઉન્ડનો સૌથી મોટો ઉલટફેર ફ્રાન્સના અલીરેઝા ફિરોઝાએ કર્યો હતો. વ્હીલચેર પર હોવા છતાં, તેણે વર્લ્ડ નંબર 1 મેગ્નસ કાર્લસનને તેના જ હોમ ગ્રાઉન્ડ પર ક્લાસિકલ ચેસમાં હરાવીને પૂરા 3 પોઈન્ટ મેળવ્યા હતા. પ્રથમ રાઉન્ડ બાદ ફિરોઝા 3 પોઈન્ટ સાથે ટોચ પર છે, જ્યારે ગુકેશ અને પ્રજ્ઞાનંદા 1.5 પોઈન્ટ સાથે બીજા ક્રમે છે. મહિલા વર્ગમાં, ભારતની યુવા ખેલાડી દિવ્યા દેશમુખે કમાલ કરતા વર્લ્ડ ચેમ્પિયન જુ વેનજૂનને આર્મેગેડનમાં હરાવીને 1.5 પોઈન્ટ મેળવ્યા હતા. જોકે, કઝાકિસ્તાનની બિબિસારા અસાઉબાયેવાએ ભારતની નંબર 1 ખેલાડી કોનેરુ હમ્પીને ક્લાસિકલ મેચમાં હરાવી મોટો અપસેટ સર્જ્યો હતો.



## બાલાજી અને ભામભ્રી જીતીને આગામી રાઉન્ડમાં

પેરિસ, તા. 26 (પીટીઆઈ): ભારતીય ટેનિસ ખેલાડીઓ એન. શ્રીરામ બાલાજી અને યુકી ભામ્બ્રીએ પોતપોતાના ભાગીદારો સાથે ફ્રેન્ચ ઓપન મેન્સ ડબલ્સમાં વિજયી શરૂઆત કરી છે. શ્રીરામ બાલાજી અને બ્રાઝિલના માર્સેલો ડેમોલીનરે એક કલાક અને 45 મિનિટ ચાલેલા રોમાંચક મુકાબલામાં રોબિન હાસે અને કોન્સ્ટેન્ટિન ફ્રન્ટઝેનની જોડીને 6-3, 4-6, 6-3થી હરાવી હતી. બીજી તરફ, યુકી ભામ્બ્રી અને તેના ન્યુઝીલેન્ડના ભાગીદાર માઈકલ વિનસે આર્જેન્ટિનાના ફ્રાન્સિસ્કો સેરુન્ડોલો અને મારિયાનો કેસ્ટલબોઈમને એક કલાક અને 22 મિનિટમાં 7-5, 6-2થી હરાવી આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. પ્રથમ સેટમાં સખત સંઘર્ષ કર્યા પછી આ જોડીએ બીજા સેટમાં એકતરફી જીત મેળવી હતી.

# અફઘાનિસ્તાને ભારત સામેની સિરીઝ માટે ટીમ જાહેર કરી

**6થી 20** જૂન દરમિયાન રમાનારી એક ટેસ્ટ અને ત્રણ વનડે મેચની સિરીઝમાં હશમતુલ્લાહ શાહિદી કેપ્ટન

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ): અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે ભારત સામે 6થી 20 જૂન દરમિયાન રમાનારી એક ટેસ્ટ અને ત્રણ વનડે મેચની સિરીઝ માટે હશમતુલ્લાહ શાહિદીને કેપ્ટન જાહેર કર્યો છે. આ પ્રવાસ 6 જૂને ન્યુ ચંદીગઢમાં એકમાત્ર ટેસ્ટ મેચથી શરૂ થશે. ત્યારબાદ 14 જૂને ધર્મશાલામાં પ્રથમ વનડે, 17 જૂને લખનઉમાં બીજી વનડે અને 20 જૂને ચેન્નાઈમાં ત્રીજી વનડે રમાશે.

ટેસ્ટ ટીમમાં હશમતુલ્લાહ શાહિદી, અબ્દુલ મલિક, સેદિકુલ્લાહ અટલ, રહમત શાહ, રહેમાનુલ્લાહ ગુરબાઝ, રહેમાનુલ્લાહ ઝદરાન, અફસર ઝઝાઈ, ઈકરામ અલીખિલ, અઝમતુલ્લાહ ઓમરઝાઈ, શરાફુદ્દીન અશરફ, નાંગ્યાલ ખરોતાઈ, કૈસ અહમદ, બિલાલ સામી, ઝિયા શરીફી અને સલીમ સફી સામેલ છે. રિઝર્વમાં બશીર અહમદ, બહીર શાહ અને ઈસ્મત આલમ છે.

વનડે ટીમમાં હશમતુલ્લાહ શાહિદી, રહેમાનુલ્લાહ ગુરબાઝ, ઈબ્રાહિમ ઝદરાન, સેદિકુલ્લાહ અટલ, દરવિશ રસુલી, રહમત શાહ, ઈકરામ અલીખિલ, મોહમ્મદ નબી, અઝમતુલ્લાહ ઓમરઝાઈ, રાશિદ ખાન, નાંગ્યાલ ખરોતાઈ, એ.એમ. ગઝનફર, ઝિયા ઉર રહેમાન શરીફી, ફરીદ મલિક અને બિલાલ સામીનો સમાવેશ થાય છે. જ્યારે રિઝર્વમાં કૈસ અહમદ, સલીમ સફી અને બશીર અહમદ છે. આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે 15 વિકેટ લેનાર યુવા સ્પિનર ગઝનફર પર ખાસ નજર રહેશે.